Seat No. : _______________

# XS-103

**B.A. (Sem.II)**
**April-2013**

## GUJARATI (EC-I-111) (New)

**'કલાપીનો કાવ્ય કલાપ' – સંપાદક અનંતરાય રાવળ**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** માંગ્યા પ્રમાણે ઉત્તરો આપો.

૧. (અ) ઊર્મિકાવ્યની વ્યાખ્યા આપી તેના વ્યાવર્તક લક્ષણોની ચર્ચા કરો. ૭

**અથવા**

ઊર્મિકાવ્યની સંવિધાનકલા વિશે ચર્ચા કરો.

(બ) ઊર્મિકાવ્યનો ઉદ્ભવ અને વિકાસ આલેખો. ૬

**અથવા**

મધ્યકાલીન ઊર્મિકવિતાનો પરિચય જણાવો.

(ક) નીચેના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર જણાવો : ૭

(૧) કલાપી કયા યુગના કવિ છે ? (નર્મદયુગ, પંડિતયુગ, ગાંધીયુગ)

(૨) કલાપીનો જન્મ કઈ સાલમાં થયો હતો ? (ઈ.સ. ૧૮૭૬, ઈ.સ. ૧૮૭૪, ઈ.સ. ૧૮૭૯)

(૩) કવિ કલાપી કયા રાજ્યના રાજા હતા ? (પોરબંદર, લાઠી, ગોંડલ)

(૪) કલાપીનું મૂળનામ શું હતું ? (વજેસિંહજી, સુરસિંહજી, રામસિંહજી)

(૫) કલાપી પોતાની પ્રિયતમાને કયા નામથી સંબોધતા હતા ? (રમા, આનંદી, શોભના)

(૬) કલાપીએ સૌપ્રથમ કઈ ગઝલ લખી હતી ? (આપની યાદી, ફકીરી હાલ, સનમને)

(૭) કલાપીનું અવસાન કેટલા વર્ષની ઉંમરે થયું ? (૨૫ વર્ષ, ૨૮ વર્ષ, ૨૬ વર્ષ)

૨. (અ) કલાપીની કવિ તરીકેની વિશેષતાઓ આલેખો. ૭

**અથવા**

'કલાપી નર્યા ઊર્મિવિલાસી કવિ નથી, ચિંતનશીલ કવિ પણ છે.' – આ વિધાનની ચર્ચા કરો.

(બ) કોઈપણ **બે** કાવ્યોનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો : ૮

(૧) 'બિલ્વમંગલ' કાવ્યનો મધ્યવર્તી વિચાર આલેખો.

(૨) 'એક ઘા' કાવ્યનું રસલક્ષી મૂલ્યાંકન કરો.

(૩) 'ગ્રામમાતા' કાવ્યનું મૂલ્યાંકન કરો.

(૪) 'વીણાનો મૃગ' કાવ્યમાં રજૂ થયેલ કારુણ્યતા.

૩. (અ) કોઈપણ **એક** વિશે ટૂંકનોંધ લખો : ૭

(૧) કલાપીના કાવ્યોમાં મૃત્યુ-વિષયક ચિંતન

(૨) કલાપીના પ્રકૃતિ કાવ્યો

(બ) કોઈપણ **એક** વિશે વિવેચનાત્મક નોંધ લખો : ૮

(૧) કલાપીના પ્રણયકાવ્યો

(૨) કલાપીની ગઝલો

૪. (અ) કોઈપણ **બે** છંદના બંધારણ ઉદાહરણ સાથે સમજાવો : ૪

(૧) શિખરિણી

(૨) શાર્દૂલ વિક્રીડિત

(૩) ઝૂલણા

(બ) કોઈપણ **ત્રણ** ઉદાહરણોના છંદના ફક્ત નામ જણાવો : ૬

(૧) રે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકિ દીધો.

(૨) સજાવવા ચપ્પુ છરી ! કહેતો,
ને તેહની પાછળ બાળ તેનો.

(૩) પ્રિયે તુજ લટે ધરું ધવલ સ્વચ્છ આ મોગરો.

(૪) રાગ ને ત્યાગની વચ્ચે હૈયું એ ઝૂલતું હતું !

(૫) વેણીમાં ગૂંથવા'તાં કુસુમ તહીં રહ્યા અર્પવા અંજલિથી.

(ક) કોઈપણ **બે** અલંકારોની વ્યાખ્યા ઉદાહરણ સાથે જણાવો : ૪

(૧) ઉત્પ્રેક્ષા

(૨) અનન્વય

(૩) વ્યાજસ્તુતિ

(ડ) કોઈપણ **ત્રણ** ઉદાહરણોના અલંકારના ફક્ત નામ જણાવો : ૬

(૧) બપોર એક મોટું શિકારી કૂતરું છે.

(૨) સાગરે ભાસતી ભવ્ય ભરતી.

(૩) ચોમાસું આવતાં સૃષ્ટિ નવું જીવન મેળવે છે.

(૪) વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ
માડીનો મેઘ બારે માસ રે

(૫) નાગરવેલીના જેવી નાજુકડી નાર વાંકી

---